# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II )-૨૦૨૨-૨૩પરીણામ જાહેરનામું"**

**"Teacher Eligibility Test-II (TET-II)-૨૦૨૨-૨૩ Result Notification"**

જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/TET-II/૨૦૨૩/ તા: /૦૬/૨૦૨૩

શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક, તથા તા:૧૪/૦૭/૨૦૧૧ અને તા:૦૩-૦૫-૨૦૧૨ ના સરખા ક્રમાંકના સુધારા ઠરાવ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારાથી જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની નિમણૂંક માટેના ધારા-ધોરણો નિયત થયેલ છે.

શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૧૧-૭૧૧-કથી ઉચ્ચ પ્રાથમિક શાળા(ધોરણ ૬ થી ૮)માં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા આવશ્યક "શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)" યોજવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

રાજય પરીક્ષા બોર્ડના તા:૧૭/૧૦/૨૦૨૨ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-II/૨૦૨૨/૯૬૨૩ -૯૭૦૯ તેમજ ત્યારબાદ જાહેરનામામાં થયેલ સુધારાઓ/પરીપત્રો અને તા.૩૧/૦૩/૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-II/૨૦૨૩/૪૧૮૨-૪૨૬૦ થી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચ પ્રાથમિક શાળા(ધોરણ ૬ થી ૮)માં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા:૨૩/૦૪/૨૦૨૩ (રવિવાર) ના રોજ બપોરે ૩.૦૦ કલાક થી સાંજે ૦૫.૦૦ કલાક દરમિયાન અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, રાજકોટ, સુરત, ગાંધીનગર, જુનાગઢ, ભાવનગર અને જામનગર ખાતે "શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨-૨૩નું આયોજન કરવામાં આવેલ હતું.

ઉક્ત પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ વિદ્યાર્થીઓની OMR કચેરીની વેબસાઈટ www.sebexam.org પર તા.૦૩/૦૫/૨૦૨૩ ના રોજ મુકવામાં આવેલ છે. પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૦૨/૦૫/૨૦૨૩ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા.૦૨/૦૫/૨૦૨૩ થી તા.૦૯/૦૫/૨૦૨૩ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે કચેરીના ઈ-મેઈલ એડ્રેસ sebg.query@gmail.com પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પેપરના કોઈ પ્રશ્ન પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજૂઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકાસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઈનલ આન્સર કી કચેરીની વેબસાઈટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૩/૦૪/૨૦૨૩ (રવિવાર) ના રોજ બપોરે ૩.૦૦ કલાક થી સાંજે ૦૫.૦૦ કલાક દરમિયાન લેવાયેલ "શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨-૨૩નું પરીણામ તા.૧૫/૦૬/૨૦૨૩ (બુધવાર) ના રોજ જાહેર કરવામાં આવે છે.

## ❖ પરીણામની વિગતો:

### ટેટ-૨ પરીણામની વિગત (તમામ માધ્યમ)

| ક્રમ | વિષયનું નામ | પાસ | નાપાસ | કુલ | પાસની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ગણિત/વિજ્ઞાન | ૨૦૧૩૫ | ૪૪૫૩૪ | ૬૪૬૬૯ | ૩૧.૧૪% |
| ૨ | ભાષાઓ | ૪૪૮૧ | ૧૦૦૬૭૩ | ૧૦૫૧૫૪ | ૪.૨૬% |
| ૩ | સામાજીક વિજ્ઞાન | ૧૨૮૩૪ | ૫૫૦૪૩ | ૬૭૮૭૭ | ૧૮.૯૧% |
| | કુલ | ૩૭૪૫૦ | ૨૦૦૨૫૦ | ૨૩૭૭૦૦ | ૧૫.૭૬% |

| ક્રમ | હાજર ઉમેદવારની સંખ્યા | ૧૫૦ ગુણમાંથી ૯૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૧૫૦ ગુણમાંથી ૧૦૫ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૧૫૦ ગુણમાંથી ૧૨૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૧૫૦ ગુણમાંથી ૧૩૫ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૩૭૭૦૦ | ૨૨૧૬૨ | ૪૩૧૬ | ૨૫૯ | ૧ |

## ❖ અગત્યની સૂચનાઓ:

- શિક્ષણ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૧ ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૧૧-૭૧૧-ક અને તા.૧૪/૧૨/૨૦૨૨ના સુધારા ઠરાવ:પીઆરઈ/૧૧૧૧/૭૧૧/ક મુજબ "શિક્ષક યોગ્યતા કસોટી-II (TET- II)-૨૦૨૨-૨૩માં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections-EWS) અને વિકલાંગ ઉમેદવારોના કિસ્સામાં બન્ને વિભાગના સંયુક્ત રીતે મળીને કુલ ૮૨ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે તેમજ અન્ય ઉમેદવારોના કિસ્સામાં બન્ને વિભાગના સંયુક્ત રીતે મળીને કુલ ૯૦ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે.
- ઉમેદવારોને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટૂંક સમયમાં સ્પીડ પોસ્ટ/રજીસ્ટર એડી મારફતે સંબંધિત ઉમેદવારો દ્વારા ઓનલાઇન આવેદનપત્ર ભરતી વખતે દર્શાવેલ હાલના રહેઠાણના સરનામા પર મોકલી આપવામાં આવશે.

- જે ઉમેદવાર પોતાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૧૬/૦૬/૨૦૨૩ થી તા:૩૦/૦૬/૨૦૨૩ દરમ્યાન કચેરીના કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની પુન:ચકાસણી કરાવી શકશે. આ માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. (લેખિત અરજી માટેનો નમૂનો આ સાથે સામેલ છે.) આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂપિયા ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે. તા:૩૦/૦૬/૨૦૨૩ બાદ OMR Sheet ની પુન:ચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- પરીણામ બાબતે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

સ્થળ: ગાંધીનગર

તા.૧૫/૦૬/૨૦૨૩

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય જાણ સારૂ:**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, નવા સચિવાલય ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન.સંયુક્ત સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

ઉમેદવારનું નામ:-............................................ બેઠક નંબર:-.............................................

પરીક્ષાનો વિષય(ગણિત-વિજ્ઞાન/ભાષા/સામાજિક વિજ્ઞાન):-...........................................................

માધ્યમ(ગુજરાતી/હિન્દી/અંગ્રેજી):-......................... પરીક્ષાનો જિલ્લો:-....................................

પરીક્ષા કેન્દ્રનું નામ :-............................................. બ્લોક નંબર:-.............................................

પ્રશ્ન પુસ્તિકા નંબર:-................................................ પ્રશ્ન પુસ્તિકા કેટેગરી(A, B, C, D):-................

મોબાઈલ નં.:-.................................................

પ્રતિ,
સચિવશ્રી,
રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર.

વિષય:- TET-II-૨૦૨૨-૨૩ પરીક્ષાની **OMR Sheet**ની પુન:ચકાસણી કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૩/૦૪/૨૦૨૩ ના રોજ લેવાયેલ TET-II-૨૦૨૨-૨૩ પરીક્ષા મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ હતી. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ જાહેર કરવામાં આવેલ આ પરીક્ષાના પરીણામમાં મને ....... ગુણ મળેલ છે.

રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવેલ ફાઇનલ આન્સર કી અને મારી OMR Sheetની ચકાસણી કરતા મને.......ગુણ મળવાપત્ર થાય છે.

આથી રાજય પરીક્ષા બોર્ડ તા:૧૫/૦૬/૨૦૨૩ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/TET-II /૨૦૨૩/ માં સૂચવ્યા મુજબ TET-II પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા મે તા......................... ના રોજ પહોંચનં. .......................થી રૂા.૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવેલ છે. તો મારી TET-II પરીક્ષાની OMR Sheet ની પુનઃચકાસણી કરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

................................
(ઉમેદવારની સહી.)

બિડાણ ૧. હોલટીકીટ ની નકલ
૨. OMR Sheetની નકલ

- **OMR Sheet ની રૂબરૂ પુન:ચકાસણી બાદ ગુણની સ્થિતિ**: (નીચેની વિગત બોર્ડ ખાતે રૂબરૂ પુનઃચકાસણી બાદ ભરવાની રહેશે.)

.......................................................................................................................................

તા:-............................... ઉમેદવારની સહી............................

સ્થળ:- ગાંધીનગર.